## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**અમારા જમાનામાં તો કાશીએ તો સ્વર્ગમાં જવા માટે જતાં....**

# વાયબ્રન્ટ સમિટમાં કન્ટ્રી પાર્ટનર તરીકે ૧૩ દેશો જોડાયા, બીજા માટે પ્રયાસ ચાલુ છે

### વિશ્વના દેશોમાં ઓમિક્રોન વાયરસના દર્દીઓ પ્રસરી રહ્યાં છે ત્યારે મહાત્મા મંદિરમાં કેટલા ગેસ્ટ આવે છે તે હજી અનિશ્ચિત છે

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતની ૧૦મી વાયબ્રન્ટ સમિટમાં ભાગ લેવા માટે વિદેશી મહેમાનોની સ્વિકૃતિ આવી રહી છે ત્યારે મહાત્મા મંદિરના સ્થળે તમામ પ્રકારની આરોગ્ય સુવિધાઓ ઉભી કરવાની સૂચના આપવામાં આવી છે. ઓમિક્રોન વાયરસના ભયના કારણે સરકારે કેટલાક કઠોર પગલાં લીધા છે પરંતુ હજી સુધી વાયબ્રન્ટ સમિટને મોકુફ રાખવાનો કોઇ નિર્ણય લીધો નથી.

સરકારની તૈયારી જોતાં એવું લાગી રહ્યું છે કે ૧૦ થી ૧૨ જાન્યુઆરીના રોજ વાયબ્રન્ટ સમિટ થવાની છે. કોવિડના ઓમિક્રોન વેરિયન્ટના ભયથી એક તરફ સરકાર લોકોને સાવધાન રહેવાની, માસ્ક પહેરવાની અને ભીડ ન કરવાની સલાહ આપે છે ત્યારે બીજી તરફ વાઈબ્રન્ટ સમારોહ માટે મોટી સંખ્યામાં વિદેશી ડેલિગેટ્સ ગુજરાત આવે તેવી શક્યતા છે.

આગામી દસમી વાઈબ્રન્ટ સમિટના ૧૩ પાર્ટનર કન્ટ્રીની જાહેરાત કરી દેવામાં આવી છે. તે મુજબ વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં આ વખતે ઓસ્ટ્રેલિયા, જાપાન , ઈઝરાયેલ ડેનમાર્ક, ફ્રાન્સ, ફિનલેન્ડ, યુકે, સ્વીડન, શ્રીલંકા, પોલેન્ડ, નેધરલેન્ડ, રિપબ્લિક ઓફ મોઝામ્બિક, દક્ષિણ કોરિયા પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાશે. આ સાથે જર્મની અને નોર્વે પણ પાર્ટનર કન્ટ્રીના લિસ્ટમાં સામેલ થઈ શકે છે.

૨૦૧૯માં યોજાયેલી નવમી વાઈબ્રન્ટ સમિટમાં ૧૫ પાર્ટનર કન્ટ્રી જોડાયા હતા, જ્યારે દસમી વાઈબ્રન્ટ સમીટમા ૨૦થી વધુ દેશો પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાય તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે જો કે વિશ્વના ૭૦થી વધુ દેશોમાં ઓમિક્રોન વાયરસ ફેલાઈ રહ્યો હોવાથી કેટલા કન્ટ્રી પાર્ટનર ગાંધીનગર આવે તે કરી શકાય તેમ નથી. સાચું ચિત્ર ૨૦મી ડિસેમ્બર પછી ખબર પડે તેમ છે.



સેકટર-૧૧ના રામકથા મેદાનની બાજુમાં મુકવામાં આવેલી કચરાપેટીમાંથી કચરો બહાર ઉભરાઈ રહ્યો છે. છેલ્લા કેટલાય દિવસોથી અહીંથી કચરો ઉઠાવાયો ન હોવાથી ગંદકી ફેલાઈ છે. રખડતા કુતરા કચરો ખેંચી જતા હોવાથી રસ્તા પર પણ કચરો ફેલાય છે.

# પેપરલીક કૌભાંડમાં યુવરાજસિંહે મંડળને આધાર પુરાવા આપ્યાં

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તાજેતરમાં લેવામાં આવેલી હેડ ક્લાર્કની પરીક્ષામાં ગેરરીતિ થયા અંગેના આધાર પુરાવા આજે યુવા આંદોલનકારી નેતા યુવરાજસિંહ જાડેજા દ્વારા મંડળના અધ્યક્ષ અસિત વોરાને પૂરાં પાડવામાં આવ્યાં હતાં. આ સાથે તેમણે પેપરલીક કૌભાંડના રજુ કરેલા આધાર-પુરાવાના આધારે તટસ્થ તપાસ કરી ન્યાયપૂર્ણ કાર્યવાહી કરવા બાબતે આવેદનપત્ર આપ્યું હતું. આવેદનપત્રની નકલ મુખ્યમંત્રી, ગૃહ રાજ્યમંત્રી તથા રાજ્યના ડીજીપીને પણ મોકલવામાં આવી હતી.

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવામાં આવેલ હેડ ક્લાર્કની પરીક્ષામાં થયેલ ગેરરીતી અંગેના પુરાવા સોંપતા યુવરાજસિંહે આવેદનપત્રમાં જો સરકાર ખરેખર યુવાનોનું હિત ઈચ્છતી હોય તો પેપર લીક કૌભાંડના મૂળ સુધી પહોંચવા માટે આ પુરાવા પૂરતા છે, તેમ છતાં જો સરકારને વધુ પુરાવાઓની જરૂર હોય તો તે મંડળના અધિકૃત અને પ્રામાણિક અધિકારીને સોંપવા તૈયાર છે. યુવરાજ સિંહે જણાવ્યું છે કે જો આટલા પુરાવા પછી ખરેખર યોગ્ય દિશામાં તપાસ થઈ હોત તો અત્યાર સુધીમાં આરોપીઓ સરકારના હાથમાં આવી ગયા હોત. તેમણે જણાવ્યું છે કે આધાર પુરાવાઓ મળ્યા બાદ સરકાર દ્વારા પેપર લીક કેસના અનુસંધાને ઝડપી કાર્યવાહી કરવામાં આવે અને રાજ્યના રોજગાર વાંચ્છુ યુવાનોને યોગ્ય ન્યાય મળે તે માટે આ બાબતને ગંભીરતાથી લેવા તેમણે તાકીદ કરી હતી.



# ખેલો ઈન્ડિયા મહિલા હૉકી લીગ અંડર-૨૧નો પ્રારંભ

### ગ્રાસરૂટ લેવલની હોકીને મોટું પ્રોત્સાહન મળશે : વિજેતાઓને રૂ. ૩૦ લાખના રોકડ પુરસ્કાર મળશે

ગાંધીનગર, તા.૧૬

ગઈ કાલે કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી અનુરાગસિંહ ઠાકુરે બુધવારે નવી દિલ્હીના મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમ ખાતે પ્રથમવાર રાષ્ટ્રીય સ્તરની ખેલો ઈન્ડિયા મહિલા હોકી લીગ અંડર-૨૧નું ઔપચારિક ઉદ્દ્ઘાટન કર્યું હતુ. આ સાથે યુવા બાબતો અને રમતગમત રાજ્ય મંત્રી નિશીથ પ્રામાણિક અને ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ નરેન્દ્ર બત્રા અને અન્ય મહાનુભાવો જોડાયા હતા. લીગમાં વિજેતાઓ માટે રૂ. ૩૦ લાખ, એમવાયએએસ તરફથી રૂ.૧૫ લાખ અને હોકી ઈન્ડિયા તરફથી રૂ. ૧૫ લાખના રોકડ પુરસ્કાર રાખવામાં આવ્યાં છે.

મહિલા હોકી લીગ અંડર-૨૧ તા.૧૫ થી ૨૧ ડિસેમ્બર દરમિયાન યોજાશે. ટુર્નામેન્ટના પ્રથમ તબક્કામાં કુલ ૧૪ ટીમો ભાગ લઈ રહી છે.

પ્રથમ તબક્કા દરમિયાન ૪૨ જેટલી મેચો રમાશે, જ્યારે બીજો અને ત્રીજો તબક્કો આવતા વર્ષની શરૂઆતમાં યોજાશે. સૌપ્રથમ રાષ્ટ્રીય સ્તરની ખેલો ઈન્ડિયા લીગનું સંયુક્ત આયોજન કરવા બદલ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને હોકી ઈન્ડિયાને અભિનંદન આપતાં રમતગમત મંત્રી ઠાકુરે લીગના મહત્વ વિશે વાત કરી અને કહ્યું, "આપણા તમામ એથ્લેટ વર્ષ દરમિયાન ખૂબ જ સખત તાલીમ આપે છે, પરંતુ તે ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો રમતવીરોએ ભવિષ્યમાં મોટી સ્પર્ધાઓ માટે પોતાની જાતને તૈયાર કરવી હોય તો તેઓને પૂરતું સ્પર્ધાત્મક એક્સપોઝર મળે તે માટે. તેથી, આ પ્રકારની લીગ હોવી જરૂરી છે, જે આખું વર્ષ રમતવીરોને સ્પર્ધાનું એક્સપોઝર આપે છે." શ્રીમાન. ઠાકુરે કહ્યું કે આગળ જતાં, અન્ય રમતની શાખાઓ માટે પણ લીગ યોજવામાં આવશે. તેણે એ પણ ઉલ્લેખ કર્યો કે ૨૦૧૫ પછી ધ્યાનચંદ સ્ટેડિયમમાં આયોજિત આ પહેલો મોટો કાર્યક્રમ છે અને ખેલાડીઓનું પ્રતિષ્ઠિત સ્થળ પર સ્વાગત કર્યું. ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિયેશનના પ્રમુખ નરેન્દ્ર બત્રાએ કહ્યું "સરકારના સકારાત્મક વલણને કારણે આ વર્ષે ઓલિમ્પિકમાં હોકી માટે ખૂબ સારું પરિણામ મેળવવામાં મદદ મળી છે.

## સહકારી આગેવાન સ્વ. ઘનશ્યામભાઈ પટેલને નાગરિક બેંકની શ્રધ્ધાંજલિ

ગાંધીનગર, તા.૧૬

ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંકના ઉત્સાહી અને યુવા પૂર્વ ચેરમેન તથા છેલ્લાં ૨૫ વર્ષોથી બેંકને અવિરત



સેવાઓ આપનાર વર્તમાન ડિરેકટર ઘનશ્યામભાઈ કે. પટેલનું ટૂંકી બિમારીના અંતે આકસ્મિક નિધન થવા પામ્યું છે.

સ્વ. ઘનશ્યામભાઈ પટેલ એક બાહોશ, યુવાન અને કર્મઠ સહકારી આગેવાન હતા. તેમણે બેંકના વિવિધ હોદ્દા પર રહી તેમના દૂરંદેશી સ્વભાવથી સંસ્થાને ઘણું પ્રેરકબળ પુરું પાડયું હતું. બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સ અને બેંકનો કર્મચારી પરિવાર ઊંડા શોકની લાગણી અનુભવે છે. આ સાથે પ્રભુ તેમના આત્માને ચિર શાંતિ અર્પે અને તેમના કુટુંબીજનો પર આવી પડેલી અણધારી આફતને સહન કરવાની શકિત આપે તેવી પ્રાર્થના વ્યકત કરવામાં આવી છે.

# પોર-રૂપાલમાં બાજી માંડીને બેઠેલા ૧૨ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના પોર અને રૂપાલ ગામે બાજી માંડીને બેઠેલા ૧૨ શકુનીઓને સ્થાનિક પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે શકુનીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૧૬,૩૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ શકુનીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના સ્ટાફના જવાનો પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે સમયે પોર ગામના નાકે આવતા જ બાતમી મળી હતી કે હર્ષિદ માતાના મંદિર આગળ આવેલા ખુલ્લા ચોકમાં કેટલાક વ્યકિતઓ જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસ તાત્કાલીક બાતમીવાળી જગ્યા પર પહોંચીને જોયુ તો હર્ષિદમાતાના મંદિર પાસે કુંડાળુ વળીને બેઠેલા ૬ શકુનીઓને પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે તેમના નામ પુછતા પોર ગામે મોટાવાસ ખાતે રહેતા અંબાલાલ રણછોડજી, મોટા વાસ ખાતે રહેતા વિજય દશરથ ઠાકોર , વિજય મેલાજી ઠાકોર, સુરેશ રાવજી ઠાકોર અને સુરેસ અમરતજી ઠાકોર( રહે,તમામ મોટોવાસ પોર)ને પકડી પાડ્યા હતા. અડાલજ પોલીસે દાવ પરથી રોકડા રૂ.૧૭૪૦ તેમજ અંગજડતી દરમિયાન રોકડા રૂ.૮૪૨૦ મળી આવતા પોલીસે કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં પેથાપુર પોલીસના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે રૂપાલ ગામ આવતા પોલીસને ખાનગી રાહે બામતી મળી હતી કે રૂપાલ પ્રાથમિક શાળાની સામે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેને પગલે પોલીસ બાતમીવાળી જગ્યાએ પહોંચતા ખુલ્લી જગ્યામાં કુંડાળુ વળીને બાજી માંડીને બેઠેલા જુગારીઓને પોલીસે પકડી પાડ્યા હતા. જેમાં રૂપાલ રબારી વાસના ૨૨ વર્ષિય અજય રોહિતભાઈ દંતાણી, ગામમાં દશામાના વાસ ખાતે રહેતા ૨૮ વર્ષિય સુરેશ નવગણ દંતાણી, ગામમાં ચાવડા વાસ ખાતે રહેતા ૩૦ વર્ષિય વિપુલસિંહ વિક્રમસિંહ ચાવડા, ટીંબાવાસ ખાતે રહેતા અલ્પેશ વાડીલાલ પટેલ, રૂપાલ માળી વાસ ખાતે રહેતા દિપેનસિંહ કિશોરસિંહ પરમાર અને બંકા સ્ટેડીયમ રૂપાલ ગામના દર્શન વિષ્ણુભાઈ પટેલનો સમાવેશ થાય છે. પોલીસે દાવ પરથી રોકડા રૂ.૫૫૦ તેમજ અંગજડતી દરમિયાન રૂ.૭૪૦૦ મળી કુલ રૂ.૭૯૫૦ મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# શહેરના સેકટર-૭ ખાતે આશાસ્પદ યુવકનો ગળેફાંસો ખાઈ આપઘાત

શહેરના સેકટર-૭ સ્થિત શ્યામજી કૃષ્ણ વર્મા પાર્કમાં રહેતા અને પોલીસ ભવન માં ઈન્ટેલીજન્સ અધિકારીના ૧૯ વર્ષિય દિકરાએ અગમ્ય કારણોસર પંખા સાથે દુપટ્ટો બાંધીને ગળેફાંસો ખાઈ આપઘાત કરતા ચકચાર મચી જવા પામી હતી. તાજેતરમાં દિકરીના લગ્ન પૂર્ણ કરીને ગાંધીનગર પરિવાર પરત આવ્યો હતો. ત્યારે અચાનક દિકરાએ જીવન લીલા ટુંકાવી દેતા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

પોલીસ ભવન ખાતે આઈબી વિભાગમાં ફરજ બજાવતા પ્રદિપભાઈ સુતરીયા સેકટર-૭ સ્થિત શ્યામજી કૃષ્ણ વર્મા પાર્ક ખાતે રહે છે. તેમના પરિવારમાં પત્ની હંસાબેન, દિકરી શિવાની અને ૧૯ વર્ષિય દિકરો મોક્ષ હતો. મોક્ષ અમદાવાદ ખાતે સેનેટરી ઈન્સ્પેકટરનો અભ્યાસ કરી રહ્યો હતો. છોટા ઉદેપુર ખાતે વતનમાં દિકરી લગ્ન પ્રસંગે પૂર્ણ કરીને પરિવાર ગાંધીનગર આવી ગયો હતો. બુધવારના રોજ ઘરમાં પ્રદિપભાઈ, હંસાબેન અને દિકરો મોક્ષ ઘરમાં જ હતા. મોક્ષ રૂમ બંધ કરીને ભણવા માટે બેઠો હતો. ત્યારબાદ પ્રદિપભાઈએ કપડા બદલવાના હોવાથી રૂમનો દરવાજો ખખડાવ્યો હતો. પરંતુ દરવાજો ન ખુલતા કંઈક અજુગતુ બન્યાની શંકા સાથે તેઓએ દરવાજો ખોલીને સામે જોતા દિકરાનો મૃતદેહ લટકી રહ્યો હતો. રૂમના પંખા સાથે દુપટ્ટો બાંધી મોક્ષે ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. યુવકને તાત્કાલીક ગાંધીનગર સિવિલ લઈ જવાયો હતો.જયાં ફરજ પરના ડોકટરે ચકાસીને મોક્ષને મૃત જાહેર કર્યો હતો. સેકટર-૭ પોલીસે પોસ્ટમોર્ટમની કાર્યવાહી બાદ પરિવારને મૃતદેહ સોંપીને મૃત્યુનું ચોકકસ કારણ જાણવા માટે તપાસ હાથ ધરી છે.

# શહેરમાં સતત બીજા દિવસે પણ સફાઈ કામગીરી ઠપ્પ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના સફાઈ કામદારોએ આજે બીજે દિવસે પણ અનિયમિત પગાર અને સ્માર્ટ



વૉચના વિરોધમાં તેમની હડતાલ ચાલુ રાખતાં સફાઈની કામગીરી ઠપ્પ થઈ જવા પામી છે. જો કે ડોર ટુ ડોર કલેકશનની કાર્યવાહી ચાલુ હોવાથી નગરજનોએ આંશિક રાહત અનુભવી હતી.

સફાઈ કામદારોએ આજે બીજે દિવસે પણ ૧૨ વાગ્યાની આસપાસ મનપાની કચેરી પાસે એકત્ર થઈ અને સૂત્રોચ્ચાર સાથે કચેરી સુધી રેલી યોજી હતી. તેમણે સ્માર્ટ વૉચ એક થેલીમાં ભરી અને મનપાની કચેરીના દરવાજા પર મુકી દીધી હતી.

બુધવારે એક દિવસની હડતાલ બાદ પણ માંગણીઓ નહિ સ્વીકારવામાં આવતા સફાઈ કામદારોએ આજે બીજે દિવસે પણ તેમની હડતાલ ચાલુ રાખી હતી. વાયબ્રન્ટ સમીટના થોડા દિવસ પૂર્વે જ સફાઈ કામદારોએ હડતાલનું શસ્ત્ર ઉગામતાં મ્યુનિ. તંત્રની ચિંતા વધી છે અને આ હડતાલના સુખદ સમાધાન માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

આજે એજન્સીના સંચાલકને મનપાના તંત્ર દ્વારા બોલાવવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. કામદારો સાથે પ્રાથમિક ચર્ચા બાદ તેઓ સ્થળ પરથી સંચાલક જતા રહ્યા હતા. એજન્સીને કામદારો વચ્ચેના પ્રશ્ને તંત્ર હેરાન થઈ રહ્યાની વાતો ચર્ચાતી સાંભળવા મળી હતી.

## મહાત્મા મંદિર ખાતે મોકડ્રીલ યોજાઈ

આજે જિલ્લા વહીવટી તંત્ર ડીઝાસ્ટર શાખા અને ગાંધીનગર મહાનગર પાલિકા ફાયર વિભાગના સહયોગથી મહાત્મા મંદિર ખાતે મોકડ્રીલનું આયોજન કરાયું હતું. આ મોકડ્રીલમાં ફાયર, એન.ડી.આર.એફ., ૧૦૮, બોમ્બ સ્કવોડ, અને પોલીસના તમામ વિભાગ જોડાયેલા હતા. આ મોકડ્રીલ વાયબ્રન્ટ ૨૦૨૨ના ભાગરુપે ભુકંપ અને આગનો કોઈ અનિશ્ચિત બનાવ બને તો તેની પૂર્વ તૈયારીના ભાગરૂપે મોકડ્રીલનું આયોજન કર્યું હતું. જેમાં તમામ વિભાગ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી હતી.

# ગાંધીનગર જિલ્લાના વાર્ષિક સંભવિત લિંક્ડ ક્રેડિટ પ્લાન પુસ્તકનું વિમોચન

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના વાર્ષિક સંભવિત લિંક્ડ ક્રેડિટ પ્લાન (પી.એલ.પી.) પુસ્તકનું વિમોચન નિવાસી અધિક કલેકટર રીતુસિંગના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર નાબોર્ડ જિલ્લા વિકાસ પ્રબંધક મહેન્દ્ર ડૂડીએ જણાવ્યું હતું કે આ પુસ્તકરૂપી દસ્તાવેજ બેંકરો, સરકાર, એજન્સીઓ, વ્યકતિઓ અને વ્યવસાયિક સંસ્થાઓ માટે ઉપયોગી બની રેહશે. તેમજ પીએલપીના માધ્યમથી બેંકોને વ્યવસાયના વિકાસ માટે ઉપલબ્ધ ક્રેડિટ સંભવિત અને ઈન્ફ્રાસ્ટ્રકચરને જાણ સરળતાથી મળી શકે છે. તેમજ સરકાર માટે પણ મદદરૂપ થશે. ધિરાણ પ્રવાહને ટેકો આપવા માટે વિકાસલક્ષી માળખાકીય સુવિધાઓ જરૂરી હોય તેવા ક્ષેત્રોને જાણવા માટે એજન્સીઓ, વ્યક્તિઓ, વ્યવસાયિક સંસ્થાઓ દરેક ક્ષેત્રમાં ઉપલબ્ધ ખાનગી રોકાણની તકો અને સરકાર, નાબોર્ડ, બેંકોની વિવિધ યોજનાઓની ઉપલબ્ધતાની માહિતી મેળવી શકે છે.

તેમણે ઉમેર્યું હતું કે જિલ્લામાં ૮૪.૧૨ ટકા જમીન નાના અને સીમાંત ખેડૂતો પાસે છે. આ ખેડૂતોને તેમની ટકાઉપણું માટે યોગ્ય ધિરાણ-સહાયની જરૂર છે. વર્ષ- ૨૦૨૨-૨૩ માટે કૃષિ, હાઉસિંગ અને એમએસએમઈ પર ભાર મૂકતા દસ્તાવેજમાં ધિરાણ સંભવિતા રૂપિયા ૪૫૮૧ કરોડનો અંદાજવામાં આવ્યો છે.

આ પ્રસંગે વિવિધ બેંકો, સંબંધિત જિલ્લાની વિવિધ કચેરીઓના અધિકારી અને કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- મનપાના ડે. મ્યુનિ. કમિશનરો એક સાથે બેસી શકે તે માટે કમિશનર કચેરી સામે જ જે પ્રતીક્ષા ખંડ હતો ત્યાં નવી ચેમ્બર બની રહી છે.
- ગાંધીનગર મનપામાં આજે લેબ. ટેક. અને ફાર્માસીસ્ટ કેડર માટે ૪૩ જેટલા ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી કરવામાં આવી હતી.
- કરાઈ પોલીસ અકાદમી ખાતે આજે બિન હથિયારી નાયબ પોલીસ અધિક્ષક અને બિન હથિયારી પોલીસ ઈન્સ્પેક્ટરના તાલિમાર્થીઓની પાસિંગ આઉટ પરેડનો કાર્યક્રમ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં યોજાશે.
- ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક ૨૩મી ડિસેમ્બરના રોજ મળશે.
- આગામી પાંચ દિવસ રાજયમાં શીતલ્હેરનું હવામાન-પૂર્વાનુમાન છે.
- નિવૃત્ત અધિકારી અને કલ્ચરલ ફોરમના અગ્રણી ગુંજન વોરા પર એન્જીયો પ્લાસ્ટીની સફળ શસ્ત્રક્રિયા કરવામાં આવી છે.
- શાકભાજીના ભાવમાં સતત થઈ રહેલા વધારાથી પાટનગરવાસીઓ બેચેન બન્યા છે.
- રાજ્ય સરકાર દ્વારા બજેટની તૈયારીઓ હાથ ધરાઈ છે. નાણાં વિભાગ દ્વારા વિભાગવાર બેઠકોનો દોર શરૂ થઈ ચુક્યો છે.
- ગુડ ગર્વનન્સ જિલ્લાકક્ષાએ આપવાના અભિગમ સાથે સ્પીપાએ દરેક જિલ્લા પાસે આ અંગેના સૂચનો માંગ્યા છે.
- ગાંધીનગર શહેર જિલ્લામાં કોરોના વેક્સિનેશન અભિયાનમાં આજે ૬૯૬૦ લોકોને આવરી લેવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૫૪૮૦ લોકોને અને શહેરમાં ૧૪૮૦ લોકોને આવરી લેવામાં આવ્યા છે.
- ગાંધીનગર મનપાની હદમાં આવેલ ધોળાકુવા ગામે આરોગ્યતંત્ર દ્વારા સાંજે ૫ થી ૮ દરમ્યાન ખાસ વેક્સિનેશન કેમ્પ યોજાયો હતો.

## પગારમાં વિસંગતતાને લઈ મેલેરીયા ફિલ્ડ વર્કરોની કમિશનરને રજુઆત

ગાંધીનગર, તા.૧૬

શહેરી મેલેરીયા યોજનામાં રોજમદાર ફિલ્ડ વર્કર તરીકે ફરજ બજાવતા ૫૦ થી ૬૦ રોજમદારને ગત તા.૧૫-૭-૨૧ ના રોજ સેકટર-૫ સ્થિત ઓફિસ ખાતેથી ફરજ પર હાજર કરવામાં આવ્યા હતા. તે સમયે રોજમદાર ફિલ્ડ વર્કરોને પગાર ધોરણ રૂ.૧૧,૮૦૦ જાહેર કરાયું હતું. જયારે ઈપીએફ અને ઈએસઆઈ કપાતા રૂ.૧૦ હજાર ચુકવવામાં આવે છે. ત્યારે હાલના સમયે કર્મચારીઓને પગારમાં રૂ.૮૫૦૦ ચુકવવામાં આવે છે. ઈપીએફ અને ઈએસઆઈ નંબર અને બાકી રહેતો પગાર માંગતા એજન્સીના સંચાલકો દ્વારા તેઓને છુટા કરવામાં આવ્યા છે. જેને પગલે શહેરી મેલેરીયા રોજમદાર ફિલ્ડ વર્કરોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. એજન્સીના સંચાલક દ્વારા માત્રને માત્ર ૧૦ જેટલા કર્મચારીને જ ઈપીએફ અને ઈએસઆઈનો લાભ આપ્યો છે. ત્યારે બાકી રહેલા ફિલ્ડ વર્કરોને ગત તા.૧૫-૭-૨૧ થી ૩૦-૧૧-૨૧ સુધી પગાર ઓછો ચુકવેલ છે તે બાકી રહેતો પગાર ખાતામાં વહેલી તકે જમા થાય તે માટે ફિલ્ડ વર્કરો દ્વારા ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનરને લેખિત રજુઆત કરવામાં આવી છે.

**ટુંકી જાહેર નિવિદા નં.૦૩ સને ૨૦૨૧-૨૨**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં. ૫, ચોથો માળ, નિર્માણ ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ (ફોન નં. ૫૬૦૩૧)ની કચેરી દ્વારા સરકારશ્રીના સચિવાલય કેમ્પસમાં આવેલ નોન-રેસી. બિલ્ડીંગની જાળવણી અને મરામતની કામગીરીને લગતા ૧ (એક) કામ કે જેની અંદાજિત કિંમત રૂ. ૧.૯૪ લાખ થવા જાય છે. તેના માટે ગુજરાત રાજયના બાંધકામ વિભાગની માન્ય યાદીમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા ઈજારદારશ્રીઓ પાસેથી મહોરબંધ ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૨૦/૧૨/૨૦૨૧ તેમજ આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પપરત લેવાની તા. ૨૮/૧૨/૨૦૨૧ રાખવામાં આવેલ છે.

આ કામની વિગતવાર નોટીસ અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. તેમજ વધુ માહિતી માટે ઉક્ત કચેરીનો જાહેર રજાના દિવસો સિવાય રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

માહિતી/૧૭૦૪/૨૧-૨૨